# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત.

**Phone No : (0261)2662903,** **Email:-*suratdeo@gmail.com***

જા.નં./મા-૭/ફાયરસેફટી-NOC/૨૦૨૦-૨૧/11638-39 તા. ૧૦/૧૧/૨૦૨૦

પ્રતિ,

પ્રમુખશ્રી/મંત્રીશ્રી/આચાર્યશ્રી,

મા.અને ઉ.મા.શાળાઓ સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ શાળાઓ તમામ,

જિ-સુરત.

વિષય:- જિલ્લામાં આવેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફાયર એન.ઓ.સી મેળવી લેવા બાબત.

સંદર્ભ:- સચિવશ્રી,ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના પત્ર:-મઉમશબ/શાની/૧૬૩૬૪, તા.૦૪/૧૧/૨૦૨૦.

ઉપરોક્ત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે, સુરત જિલ્લામાં આવેલી સરકારી,ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. તમામ શાળાઓમાં જે શાળાઓએ ફાયર સેફ્ટીનું NOC મેળવેલ નથી તેવી શાળાઓના પ્રમુખશ્રી/મંત્રીશ્રી/આચાર્યશ્રીઓએ જે તે શાળાઓને લાગુ પડતાં ફાયર સેફ્ટી NOC ઈસ્યુ કરનાર સક્ષમ સત્તાધિકારીશ્રી પાસેથી ફાયર સેફ્ટીનું NOC મેળવવાની કાર્યવાહી કરવા માટે આથી જણાવવામાં આવે છે.તથા જયારે પણ ફાયર સેફ્ટી NOC ની મુદત પૂર્ણ થાય તે પહેલા ફાયર સેફ્ટી NOC રીન્યુઅલ કરાવવાની રહેશે.

સક્ષમ સત્તાધિકારીશ્રી પાસેથી ફાયર સેફ્ટીનું NOC મેળવી તેની પ્રમાણિત કરેલી એક નકલ અત્રેની કચેરીમાં તાત્કાલિક મોકલી આપવાની રહેશે.સમય મર્યાદામાં ફાયર સેફ્ટીનું NOC મેળવવામાં નહિ આવે તો આ બાબતે કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની તમામ જવાબદારી સંચાલક મંડળ/આચાર્યશ્રી ની રહેશે.જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત.

<u>નકલ સવિનય રવાના:-</u>

- સચિવશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.

Scanned with CamScanner